પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-29 ■ અંક-21 ■ તા. 08-6-2025 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk






Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073


# કોરોના કેસના એક્ટિવ કેસનો આંકડો ૫ હજારની નજીક



દેશમાં કોરોનાના કેસોમાં વધારો થઈ રહ્યો છે. દેશભરમાં કોરોનાના એક્ટિવ કેસોની સંખ્યા વધીને ૪,૮૬૬ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં ૫૬૪ નવા કેસ નોંધાયા છે. કોરોનાને કારણે સાત લોકોએ જીવ ગુમાવ્યા છે. દિલ્હીમાં ૧૦૫ નવા કેસ નોંધાયા છે. ૩૯૫૫ લોકો સ્વસ્થ પણ થયા છે.સરકારી આંકડા અનુસાર, દિલ્હીમાં કુલ ૫૬૨ કોરોનાના સક્રિય કેસ છે. છેલ્લા ૨૪ કલાકમાં અહીં બે દર્દીઓના મોત થયા છે. જેમાં પાંચ મહિનાની એક બાળકી અને ૮૭ વર્ષનો એક પુરુષનો સમાવેશ થાય છે. બાળકીને શ્વાસ લેવામાં તકલીફની સાથે ન્યુમોનિયા પણ હતો. આ ઉપરાંત ૮૭ વર્ષીય વૃદ્ધને હૃદય અને કિડનીની સમસ્યાઓ સહિત અન્ય સમસ્યાઓ પણ હતીકર્ણાટકમાં એક ૬૫ વર્ષીય વ્યક્તિનું મૃત્યુ થયું છે. તેમને બ્લડ પ્રેશરની સમસ્યા હતી અને તેઓ છેલ્લા ચાર મહિનાથી કીમોથેરાપી લઈ રહ્યો હતો. આ ઉપરાંત ૪૨ વર્ષીય એક પુરુષ જે કોરોના પોઝિટિવ દર્દી હતો તેનું પણ મૃત્યુ થયું છે. મહારાષ્ટ્રમાં જે લોકોએ જીવ ગુમાવ્યો છે તેમાં બે ૭૩ વર્ષીય વૃદ્ધ અને એક ૭૯ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે. ત્રણેય કોરોના પોઝિટિવ હતા પરંતુ તેમને અન્ય રોગો પણ હતા.રાજ્યોની વાત કરીએ તો કેરળમાં સૌથી વધુ ૧૪૮૭ સક્રિય કેસ છે. છેલ્લા ૨૪ કલાકમાં અહીં ૧૧૪ નવા કોરોના કેસ નોંધાયા છે. દિલ્હી, મહારાષ્ટ્ર, બંગાળ અને ગુજરાતમાં પણ ૫૦૦થી વધુ સક્રિય કેસ છે.સૌથી ઓછા કેસ ધરાવતા રાજ્યોની વાત કરીએ તો, તેમાં અરુણાચલ પ્રદેશ, આસામ, ચંદીગઢ, ગોવા, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, ઝારખંડ, મિઝોરમ, સિક્કિમ, તેલંગાણા, ઉત્તરાખંડનો સમાવેશ થાય છે. આ રાજ્યોમાં કોરોના કેસની સંખ્યા ૧૦થી ઓછી છે.

## અમરનાથ યાત્રામાં કેન્દ્ર સરકારે કર્યો મોટો ફેરફાર, હવે ૫૨ નહીં ૩૮ દિવસ જ કરી શકશો બાબા બર્ફાનીના દર્શન



આ વર્ષે અમરનાથ યાત્રાની સમયમર્યાદા ઘટાડી દેવાઈ છે. આ વખતે આ યાત્રા ૩ જુલાઈથી શરૂ થશે અને ૩૮ દિવસ સુધી ચાલશે. ગત વખત અમરનાથ યાત્રા ૫૨ દિવસોની થઈ હતી. પહલગામ આતંકવાદી હુમલા બાદ જમ્મુ કાશ્મીરમાં પવિત્ર યાત્રાની સુરક્ષા માટે ખાસ સિક્યોરિટી પ્લાન તૈયાર કરાયો છે. એક વ્યવસ્થિત યોજના બનાવવામાં આવી છે, જેમાં સીઆરપીએફ, જમ્મુ કાશ્મીર પોલીસ અને સેના સામેલ છે.સીઆરપીએફ અને બીજા અર્ધસૈનિક દળોની કુલ ૫૮૧ કંપનીઓ સુરક્ષામાં તૈનાત રહેશે. આ સિવાય જમ્મુ કાશ્મીર પોલીસ પણ હાજર રહેશે. તમામ સિક્યોરિટી રૂટની સુરક્ષા ઓડિટ અને ડિજિટલ મેપિંગ કરાઈ છે. સીઆરપીએફ ડીજીએ ખૂદ પહલગામ જઈને સિક્યોરિટી રિવ્યૂ કરી છે. દરેક તીર્થયાત્રી અને પોની રાઈડરનું ડિજિટલ ઓળખ પત્ર બનશે.યાત્રાના કાફલામાં જેમર રહેશે જેથી આઈઈડી બ્લાસ્ટ જેવી ઘટનાઓને રોકી શકાય. સુરક્ષાકર્મીઓની પાસે સેટેલાઈટ ફોન હશે. તીર્થયાત્રીઓ અને ગાડીઓમાં રેડિયો ફ્રીક્વન્સી ઓળખ (RFID) હશે. યાત્રામાં પોલીસ અને સીઆરપીએફની અલગ ડેડિકેટેડ પીસીઆર વાન હશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ૩૦ મે ૨૦૨૫ના રોજ તમામ સુરક્ષા એજન્સીઓને વધુ એલર્ટ રહીને આગામી અમરનાથ યાત્રાને સંપૂર્ણ રીતે શાંતિપૂર્ણ તે માટેના નિર્દેશ આપ્યા.

## બેંગલુરુ નાસભાગ : મૃતકોના પરિજનોને ૧૦-૧૦ લાખનું વળતર આપશે RCB, 'RCB Cares' ફંડ પણ થશે શરૂ






આઈપીએલ-૨૦૨૫માં ચેમ્પિયન બનેલી રૉયલ ચેલેન્જર્સ બેંગલુરુની જીત માટે ગઈકાલે (૪ જૂન) બેંગલુરુના એમ.ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ઉજવણીનું આયોજન કરાયું હતું, જેમાં નાસભાગની ઘટના બનતા ૧૧ લોકોના મોત અને ૩૩ લોકો ઈજાગ્રસ્ત થયા હતા, ત્યારે આ ઘટના મામલે આરસીબીએ દુઃખ વ્યક્ત કરવાની સાથે મૃતકોના પરિવારજનોને આર્થિક સહાય આપવાની મોટી જાહેરાત કરી છે.

રૉયલ ચેલેન્જર બેંગલુરુના ફ્રેન્ચાઈઝીએ સત્તાવાર નિવેદનમાં કહ્યું છે કે, 'બેંગલુરુની નાસભાગની ઘટનામાં મૃત્યુ પામેલાઓ પરિવારજનોને ૧૦-૧૦ લાખ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવશે. આ ઉપરાંત ઘટનામાં ઈજાગ્રસ્ત થયેલા લોકોની મદદ કરવા માટે 'RCB Cares' નાથી એક વિશેષ ફંડ શરૂ કરાશે.' આરસીબીએએ એમ પણ કહ્યું છે કે, 'અમારા ચાહકો હંમેશા અમારા દિલની નજીક છે. આ દુઃખ સમયમાં આપશે એક છીએ અને અમે સંપૂર્ણ સંવેદના અને સમર્થન સાથે પીડિતો સાથે ઉભા છીએ.

## ઈનફ્લુએન્સર શર્મિષ્ઠા પનોલીને કોલકાતા હાઈકોર્ટે આપ્યા વચગાળાના જામીન, દેશની બહાર જવા પર રોક



સોશિયલ મીડિયા ઈનફ્લુએન્સર શર્મિષ્ઠા પનોલીને સાંપ્રદાયિક વીડિયો પોસ્ટ કરવાના મામલે કોલકાતા હાઈકોર્ટે રાહત આપી છે. કોર્ટે તેના વચગાળાના જામીન મંજૂર કર્યા છે. પોતાનો ચુકાદો આપતાં કોર્ટે તેના દેશની બહાર જવા પર રોક લગાવી છેકોલકાતા પોલીસે શર્મિષ્ઠા પનોલીની સાંપ્રદાયિક ટિપ્પણીઓ વાળો એક વીડિયો અપલોડ કરવા મામલે ગુરુગ્રામથી ધરપકડ કરી હતી. મંગળવારે થયેલી સુનાવણીમાં શર્મિષ્ઠા પનોલીને કોર્ટે જામીન આપવાનો ઈનકાર કરી દીધો હતો. કોલકાતા હાઈકોર્ટે બે દિવસ પહેલા ગાર્ડનરીચ પોલીસ સ્ટેશનને શર્મિષ્ઠાની ધરપકડના મામલાની કેસ ડાયરી કોર્ટમાં રજૂ કરવાનો આદેશ આપ્યો હતો. કોર્ટે આગળ એ પણ કહ્યું હતું કે, રાજ્ય સરકાર શર્મિષ્ઠાની કાર્યવાહીને લઈને હવે કોઈ નવો કેસ ન નોંધે. કોલકાતાની એક કોર્ટે પનોલીને ૧૩ જૂન સુધી જેલમાં મોકલી દીધી હતી. સોશિયલ મીડિયા ઈનફ્લુએન્સરે ઓપરેશન સિંદૂરને લઈને બોલિવૂડના એક્ટર પર ટિપ્પણી કરી હતી. તેના પર પયગંબર મુહમ્મદ અંગે વાંધાજનક વિડિઓ પોસ્ટ કરવાનો પણ આરોપ હતો.કોલકાતા હાઈકોર્ટે સુનાવણી કરતા વચગાળાના જામીન આપવાનો ઈનકાર કરી દીધો હતો. હવે હાઈકોર્ટે સુનાવણી કરીને શર્મિષ્ઠાને વચગાળાના જામીન આપી દીધા છે. કોર્ટે કહ્યું હતું કે, શર્મિષ્ઠાના નિવેદને ધાર્મિક ભાવનાને ઠેસ પહોંચાડી છે અને અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો છે.

## દ્વારકાના ગોમતી ઘાટમાં જામનગરના ૭ યુવક-યુવતીઓ ડૂબ્યા, એક યુવતીનું મોત

દ્વારકાની ગોમતી નદીમાં અવાર-નવાર યાત્રિકો ડૂબતા હોવાની ઘટના બનતી હોય છે. ત્યારે આજે જામનગરના સાત યાત્રીઓ ડૂબી જતાં દોડધામ મચી જવા પામી હતી. સાત યાત્રીઓમાં ચાર યુવક અને ત્રણ યુવતીઓનો સમાવેશ થાય છે. યાત્રીઓને ડૂબતાં જોઈ સ્થાનિક લોકો અને ફાયરની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. આ ઘટનામાં એક યુવતીનું મોત નીપજ્યું છે, જ્યારે ૬ યાત્રાળુઓને બચાવી લેવામાં આવ્યા છે. હાલ યાત્રાળુઓને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. નોંધનીય છે છેલ્લા એક મહિનામાં ડૂબવાની ત્રણ ઘટના બની છે. જેમાં ૩ દિવસ અગાઉ એક વૃદ્ધ ડૂબ્યા હતા જોકે સુરક્ષાકર્મીઓએ જીવ જોખમમાં મૂકીને વૃદ્ધને બચાવી લીધા હતા. જ્યારે અન્ય એક ડૂબવાની ઘટના ૨૧મે ના રોજ સર્જાઈ હતી. આ ઘટનામાં ત્રણ વ્યક્તિઓ ગોમતી નદીમાં ડૂબ્યા હતા. જેમાં પાટણના મામા-ભાણેજનું મોત નીપજ્યું હતું, જ્યારે એકનો બચાવ થયો હતો. ઉલ્લેખનીય છે કે એક તરફ હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે તો બીજી આ પ્રકારની ગંભીર બેદરકારી સામે આવી છે. હાલ દ્વારકાના દરિયામાં કરંટ જોવા મળતો હોય છે. ત્યારે દરિયાનો પ્રવાહ ગોમતી નદીમાં વધુ જોવા મળતો હોય છે. ત્યારે આ બાબતે યાત્રીઓ અજાણ હોય છે. ગોમતી નદીમાં ન્હાવાનો મહિમા હોવાથી યાત્રીઓ સ્નાન કરવા ઉતરતા હોય છે. આ દરમિયાન ઘણીવાર યાત્રીઓ ડૂબી જતાં હોવાની ઘટના બનતી હોય છે.

## અસલી સિંદૂર ફેક્ટરીમાં નથી બનતું, પણ છોડ પર ઊગે છે! જાણો સંપૂર્ણ પ્રક્રિયા અને રોચક તથ્યો



છેલ્લાં ઘણાં સમયથી ઓપરેશન સિંદૂર ખૂબ ચર્ચામાં છે. પાકિસ્તાન સામે ભારતે આ નામ હેઠળ કાર્યવાહી કરી, જેમાં દુશ્મન દેશને કારમી હારનો સામનો કરવો પડ્યો. આ ઐતિહાસિક સફળતા બાદ સમગ્ર ભારતમાં વિવિધ કાર્યક્રમો યોજાયા અને અનેક મહત્ત્વપૂર્ણ જાહેરાતો પણ કરવામાં આવી. આ જાહેરાતો પૈકી એક છે ગુજરાતમાં 'સિંદૂર વન' બનાવવાની પહેલ.

પરંતુ, સિંદૂર વન કેવી રીતે બનશે? ઘણાં લોકોને કદાચ એ પણ ખબર નહીં હોય કે સિંદૂર પણ એક વનસ્પતિનો જ ભાગ છે! બજારમાં આપણે જે સિંદૂર જોઈએ છીએ તે મોટાભાગે કેમિકલ પ્રક્રિયા દ્વારા બનાવેલા ગુલાલ જેવું હોય છે. ખરું સિંદૂર એક ખાસ પ્રકારના છોડમાંથી મળે છે, અને આ જ છોડના વાવેતર દ્વારા સિંદૂર વનનું નિર્માણ કરવામાં આવશે. આ પહેલ પર્યાવરણ સંરક્ષણની સાથે આપણા સાંસ્કૃતિક વારસાને પણ ઉજાગર કરશે.

ભારતમાં સિંદૂરના છોડ સામાન્ય રીતે કર્ણાટક, કેરળ અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં જોવા મળે છે. આ એક એવો છોડ છે, જેના ફળમાંથી સિંદૂર જેવો લાલ રંગનો પાવડર અને પ્રવાહી બનાવવામાં આવે છે. ઘણાં લોકો તેને લિક્વિડ લિપસ્ટિક ટ્રી પણ કહે છે. સિંદૂર એક બારમાસી છોડ છે. જે વાવ્યા બાદ ૩ વર્ષમાં ફળ આપવાનું શરૂ કરે છે. સિંદૂરનો છોડ સરળતાથી જોવા નથી મળતો, તેના એક છોડમાંથી એક વારમાં દોઢ કિલો જેટલા સિંદૂરના ફળ કાઢી શકાય છે. તેની કિંમત ૪૦૦ રૂપિયા પ્રતિ કિલોથી વધારે હોય છે. સિંદૂરના છોડના ફળમાંથી જે બિજ નીકળે છે, તેને પીસીને સિંદૂર બનાવવામાં આવે છે. આમ, સિંદૂર સંપૂર્ણપણે કુદરતી હોય છે. તેનાથી કોઈ નુકસાન પણ થતું નથી. સિંદૂરના છોડ પર ફળ ઝુમખામાં આવે છે, જે શરૂઆતમાં લીલા રંગના હોય છે. બાદમાં આ ફળ લાલ રંગમાં બદલાઈ જાય છે, આ ફળની અંદર સિંદૂર હોય છે. સિંદૂર નાના નાના દાણાના આકારમાં હોય છે. જેને પીસીને કોઈ પણ મિલાવટ વિના તેને ઉપયોગમાં લઈ શકાય છે. આ છોડને બે પ્રકારે વાવી શકાય છે.સિંદૂરના છોડને બિયારણની મદદથી લગાવી શકાય છે અને તૈયાર છોડની કલમ રોપીને પણ લગાવી શકાય છે. સિંદૂરના છોડ ઘરમાં સરળતાથી ઉગાડી શકાતા નથી, કારણ કે તેના માટે ખાસ પ્રકારનું હવામાન જરૂરી છે. જો આ છોડને વધારે પાણી કે ખાતર આપવામાં આવે, તો આ છોડ મરી જશે અને ઓછું આપ્યું તો ફળ નહીં આવે.

## તંત્રી લેખ...

# ભૂરાજકીય તણાવ વચ્ચે તુર્કીમાં ભારતીય કંપનીઓનો વેપાર યથાવત

અમદાવાદ : કેન્દ્ર સરકારે પાકિસ્તાનને ખુલ્લેઆમ સમર્થન આપવા બદલ તુર્કી પર દબાણ કર્યું હોવા છતાં, તુર્કીમાં કામ કરતી ભારતીય કંપનીઓ મક્કમ છે. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ડાબર ઈન્ડિયા અને જુબિલન્ટ ફૂડવર્ક્સ કહે છે કે વ્યવસાય ચાલુ રહેશે અને ભૂરાજકીય તણાવને કારણે કોઈ ફેરફાર કરવાની કોઈ યોજના નથી.ડોમિનોઝ પિઝાના ફ્રેન્ચાઇઝ માલિક અને તુર્કીની કોફી ચેઇન ચલાવનાર જુબિલન્ટ ફૂડવર્ક્સે કહ્યું કે તે વિસ્તરણ કરવાનું ચાલુ રાખશે. કંપની હાલમાં દેશમાં ૭૪૬ ડોમિનોઝ આઉટલેટ્સ અને ૧૯૦ કોફી સ્ટોર્સ ચલાવે છે. પરિણામો જાહેર કરતી વખતે, તેણે કહ્યું કે તે ૩૦ નવા ડોમિનોઝ અને ૫૦ નવા કોફી સ્ટોર્સ ખોલવાની યોજના ધરાવે છે.ભારતીય કૃષિ સાધનો ઉત્પાદક, એક અગ્રણી કંપની, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાની તુર્કીમાં ટ્રેક્ટર ફેક્ટરી છે. આ યુનિટ કંપનીના વૈશ્વિક વ્યવસાયનો એક નાનો ભાગ છે અને તેને કોઈપણ રીતે અસર થઈ નથી.

કેપિટાલાઈન ડેટા અનુસાર, તમામ ભારતીય કંપનીઓમાં, રેડિંગ્ટનનું ૨૦૨૩-૨૪માં તુર્કીમાં સૌથી વધુ વેચાણ થયું હતું, ત્યારબાદ મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાનું સ્થાન હતું. ગ્રાહક માલ ઉત્પાદક ડાબર ઈન્ડિયાએ ૨૦૧૦ માં સંપાદન દ્વારા તુર્કીમાં પ્રવેશ કર્યો હતો. તેણે કહ્યું હતું કે તે તુર્કીથી આ દેશમાં ઉત્પાદિત માલની નિકાસ કે આયાત કરતું નથી. તેથી, તેને વર્તમાન દ્વિપક્ષીય તણાવથી કોઈ જોખમ નથી.ગયા અઠવાડિયે, ભારતના નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશકે તુર્કીના વિમાન માટે ઈન્ડિગોની લીઝ છ મહિનાથી ઘટાડીને ત્રણ મહિના કરી હતી. ઈન્ડિગોએ છ મહિનાની લીઝ માંગી હતી. મેની શરૂઆતમાં, નાગરિક ઉડ્ડયન સુરક્ષા બ્યુરોએ રાષ્ટ્રીય સુરક્ષાનો હવાલો આપીને તુર્કીના સેલેબી એવિએશન હોલ્ડિંગની સુરક્ષા મંજૂરી રદ કરી હતી. ઘણા ભારતીય એરપોર્ટ પર ગ્રાઉન્ડ હેન્ડલિંગ સેવાઓ પૂરી પાડતી કંપની હવે કોર્ટમાં કેસ લડી રહી છે.દરમિયાન, ટાટા ગ્રુપની વોલ્ટાસ, જે તુર્કીના બેકો સાથે સંયુક્ત સાહસ ધરાવે છે, તેણે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેનું સંચાલન સંપૂર્ણપણે ભારતમાં છે. કંપનીએ કહ્યું છે કે, અમારો વ્યવસાય કોઈપણ પ્રકારના ભૂ-રાજકીય વિકાસથી અલગ છે.

# સેવા ક્ષેત્રે ઝડપી વિકાસ : રેકોર્ડ ભરતી તેમજ નિકાસ માંગને પણ સતત ટેકો



અમદાવાદ : મે ૨૦૨૫માં ભારતના સેવા ક્ષેત્રનો વિકાસ પણ મજબૂત રહ્યો છે. ખાનગી સર્વેક્ષણ સંસ્થા એચએસબીસી અને એસએન્ડપી ગ્લોબલ દ્વારા જાહેર કરાયેલા ડેટા અનુસાર, સર્વિસીસ પરચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ (પીએમઆઈ) મે મહિનામાં વધીને ૫૮.૮ થયો છે, જે એપ્રિલમાં ૫૮.૭ હતો. જે દર્શાવે છે કે દેશનો સેવા ઉદ્યોગ સતત ૪૬મા મહિનામાં વિકાસના માર્ગ પર છે, કારણ કે પીએમઆઈ ૫૦થી ઉપર હોવો તે સંકેત છે કે આ ક્ષેત્રનો વિકાસ થઈ રહ્યો છે.

અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે મે મહિનામાં, ભારતીય કંપનીઓએ આંતરરાષ્ટ્રીય સ્તરે ખૂબ જ મજબૂત માંગ જોઈ છે. આ વિદેશી માંગ છેલ્લા ૧૯ વર્ષમાં બીજા ક્રમની સૌથી ઝડપી હતી. ફક્ત મે અને જૂન ૨૦૨૪માં જ ઓર્ડર વૃદ્ધિ ઝડપી નોંધાઈ હતી. કંપનીઓએ અહેવાલ આપ્યો છે કે તેમને એશિયા, યુરોપ અને ઉત્તર અમેરિકા જેવા પ્રદેશોમાંથી મોટા પાયે ઓર્ડર મળ્યા છે. આ સૂચવે છે કે ભારતીય સેવાઓની સ્વીકૃતિ અને માંગ વૈશ્વિક સ્તરે સતત વધી રહી છે.

સર્વે મુજબ, મે મહિનામાં કંપનીઓએ મોટા પાયે ભરતી કરી હતી. લગભગ ૧૬% કંપનીઓએ કહ્યું કે તેમણે સ્ટાફમાં વધારો કર્યો છે, જ્યારે ફક્ત ૧% કંપનીઓએ કર્મચારીઓની સંખ્યામાં ઘટાડો કર્યો છે. આની અસર એ થઈ કે રોજગાર સર્જન દર આ સર્વેના ઈતિહાસમાં સૌથી વધુ ઊંચા સ્તરે પહોંચ્યો. એટલે કે, સેવા ક્ષેત્રમાં નોકરીની તકો ઝડપથી વધી રહી છે. જોકે, નવી ભરતીઓ, ઓવરટાઈમ ચુકવણીઓ અને કાચા માલ (જેમ કે ખાદ્ય તેલ, માંસ અને અન્ય ઘટકો)ના ભાવમાં વધારાને કારણે કંપનીઓનો ખર્ચ પણ વધ્યો છે. આનાથી તેમના નફા પર થોડી અસર પડી શકે છે.સર્વેમાં કહેવામાં આવ્યું છે કે નવા વેચાણ અને ગ્રાહકોની સાથે, જૂના ગ્રાહકો તરફથી પુનરાવર્તિત ઓર્ડર પણ આવવા લાગ્યા છે. કંપનીઓએ વેચાણમાં વધારા માટે જાહેરાતો, સારી સેવાઓ અને ગ્રાહકો સાથે બંધાયેલા વિશ્વાસને મુખ્ય કારણો ગણાવ્યા છે.

# શેરબજારની ફ્લેટ શરૂઆત બાદ તેજી, સેન્સેક્સ ૯૦૦ પોઈન્ટ ઉછળ્યો



શેરબજારમાં ફ્લેટ શરૂઆત બાદ બપોરના સેશનમાં તેજીનું જોર વધ્યું હતું. સેન્સેક્સ ૯૧૨.૮૮ પોઈન્ટ ઉછળી ૮૧૯૧૧.૧૩ના લેવલે પહોંચ્યો હતો. રોકાણકારોની મૂડીમાં પણ ૩.૬૧ લાખ કરોડની વૃદ્ધિ થઈ હતી. નિફ્ટી ૧૨.૨૨ વાગ્યે ૨૩૧.૪૫ પોઈન્ટ ઉછળી ૨૪૮૪૯.૨૫ પર ટ્રેડ થઈ રહ્યો હતો. સેન્સેક્સ ૭૫૮.૯૪ પોઈન્ટ ઉછાળે કારોબાર થઈ રહ્યો હતો.

આરબીઆઈની હાલ ચાલી રહેલી મોનેટરી પોલિસી બેઠકમાં વ્યાજના દરો ઘટવાની અપેક્ષા તેમજ વિદેશી રોકાણકારો દ્વારા ખરીદી વધતાં શેરબજારમાં તેજીના સંકેતનો મળ્યા છે. વધુમાં અમેરિકા અને યુરોપિયન સેન્ટ્રલ બેન્કો દ્વારા પણ વ્યાજના દરોમાં ઘટાડો થવાની સંભાવના વધી છે. જેનો શેરબજારની તેજીને ટેકો મળ્યો છે.


એકંદરે શેરબજારમાં આજે સેન્ટિમેન્ટ પોઝિટિવ રહ્યા હતાં. હેલ્થકેર, રિયાલ્ટી, પાવર, એનર્જી સેક્ટરના શેર્સમાં વોલ્યૂમ વધ્યા હતાં. જેના લીધે આ ઈન્ડેક્સમાં ૮૦થી ૧.૫૬ ટકા સુધીનો ઉછાળો નોંધાયો હતો. સ્મોલકેપ અને મીડકેપમાં પણ વોલ્યૂમ વધ્યા હતાં.આરબીઆઈ દ્વારા વ્યાજના દરોમાં ૦.૫૦ ટકાના ઘટાડાની જાહેરાત થવાની તીવ્ર શક્યતાઓ વચ્ચે રિયાલ્ટી શેર્સમાં આજે તેજી આવી હતી. જો આરબીઆઈ વ્યાજના દરો ઘટાડે તો હોમ-ઓટો સહિતની લોનના દરો ઘટશે, જેથી રિયાલ્ટી સેગમેન્ટમાં જોવા મળી રહેલી મંદી દૂર થવાની અપેક્ષા સેવાઈ રહી છે. આજે શોભા ૪.૮૭ ટકા, બ્રિગેડ ૪.૩૯ ટકા, પ્રેસ્ટિજ ૩.૬૦ ટકા, લોધા ૧.૫૮ ટકા ઉછળ્યો હતો. આ સાથે બીએસઈ રિયાલ્ટી ઈન્ડેક્સ ૧.૬૮ ટકા ઉછાળા સાથે કારોબાર થઈ રહ્યો હતો.

# હિંમતનગરમાં ચેક રીટર્ન કેસમાં એક વર્ષની કેદ

હિંમતનગરમાં આવેલ એક ફાઈનાન્સ કંપનીમાંથી આઠ વર્ષ અગાઉ હિંમતનગરમાં જ રહેતા એક રહીશને નાણાંકીય જરૂરીયાત હોવાથી તેમણે રૂ.૩.૫૦ લાખની લોન લીધી હતી પરંતુ સમયસર ભરપાઈ કરતાં ફાઈનાન્સ કંપની દ્વારા રહીશે આપેલ ચેક બેંકમાં ભર્યા હતા. પરંતુ અપુરતા બેલેન્સને લઈને ચેક રીટર્ન થયા બાદ હિંમતનગરના રહીશ વિરૂધ્ધ કોર્ટમાં ચેક રીટર્નનો કેસ દાખલ કરાયો હતો. જે તાજેતરમાં ચાલી જતાં ન્યાયાધિશે આ બાકીદારને કસુરવાર ઠરાવી એક વર્ષની સાદી કેદ અને ચેકની રકમ ચુકવી આપવાનો હુકમ કર્યો હતો.આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર સ્થિત નલીન લીઝ ફાઈનાન્સમાંથી વર્ષ ૨૦૧૭માં હિંમતનગરમાં રહેતા સૌરભ દિનેશભાઈ તંબોલીએ રૂ.૩.૫૦ લાખની લોન લીધી હતી.જોકે તત્કાલિન સમયે લોન લેનારે ફાઈનાન્સના સંચાલકોને બેંકના કેટલાક ચેક આપ્યા હતા.તો બીજી તરફ સમયસર હપ્તા ભરપાઈ ન કરવાને કારણે ફાઈનાન્સ પેઢીના વકીલ એચ.જે જયસ્વાલ મારફતે નોટીસ મોકલી આપી હતી તેમ છતાં સૌરભ તંબોલીએ બાકી નાણાં ભરપાઈ કરવાની તસ્દી લીધી ન હતી. જેથી આખરે ફાઈનાન્સ કંપની દ્વારા સૌરભ તંબોલીએ આપેલ ચેક બેંકમાં ભર્યા હતા. પરંતુ અપુરતાબેલેન્સને લઈને રીટર્ન થયા બાદ તે અંગેનો કેસ હિંમતનગરની કોર્ટમાં દાખલ કરાયો હતો. જેની સુનાવણી તાજેતરમાં થતાં ન્યાયાધિશ જે.વી.પરમારે એચ.જે જયસ્વાલ દ્વારા રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓ અને દલીલોને ગ્રાહ્ય રાખી સૌરભ તંબોલીને કસુરવાર ઠરાવી ચેક રીટર્ન કેસમાં એક વર્ષની કેદની સજા અને રૂ.૩.૫૦ લાખ ચુકવી આપવાનો હુકમ કર્યો હતો.

# ગાંધીનગરમાં કોરોનાના કેસમાં વધારો:એક દિવસમાં ૬ નવા દર્દી નોંધાયા, કુલ સંખ્યા ૨૭ થઈ; સિવિલમાં ફીવર ઓપીડી શરૂ કરાશે

ગાંધીનગર શહેરમાં કોરોના કેસની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. આજે વધુ છ નવા કેસ નોંધાયા છે. આ સાથે જિલ્લામાં કુલ દર્દીઓની સંખ્યા ૨૭ થઈ ગઈ છે.નવા નોંધાયેલા કેસમાં સરગાસણના ૩૫ વર્ષીય સરકારી કર્મચારી, સેક્ટર-૫ના ૨૨ વર્ષીય વિદ્યાર્થી, સેક્ટર-૧૯ની ૩૨ વર્ષીય ગૃહિણી, સેક્ટર-૧૨ની ૩૬ વર્ષીય ગૃહિણી, સરગાસણ ટીપી-૯ના ૫૦ વર્ષીય પુરુષ અને સરગાસણના ૨૪ વર્ષીય યુવકનો સમાવેશ થાય છે. તમામ દર્દીઓની સઘન સારવાર શરૂ કરી દેવામાં આવી છે.



ગઈકાલે બુધવારે નોંધાયેલા ચાર કેસમાં સિવિલના ૩૪ વર્ષીય સ્ટાફ નર્સ અને જીઆઈડીસી વિસ્તારની ૪૬ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે. આ મહિલા થોડા દિવસ પહેલા હૈદરાબાદથી પરત ફર્યા બાદ તાવ આવતા ટેસ્ટ કરાવ્યો હતો. તેમની સારવાર હોમ આઈસોલેશનમાં ચાલી રહી છે.સેક્ટર-૬ની ૩૭ વર્ષીય મહિલા શરદીની તકલીફ બાદ કોરોના પોઝિટિવ આવ્યા છે. રાંદેસણના ૩૯ વર્ષીય પુરુષ, જે મેટ્રો સિટીમાં આસિસ્ટન્ટ મેનેજર છે, તેમને તાવ અને શરીરમાં દુખાવાની ફરિયાદ બાદ ટેસ્ટ કરાવતા પોઝિટિવ આવ્યા છે. તેઓ પણ હોમ આઈસોલેશનમાં સારવાર લઈ રહ્યા છે. કોરોના સંક્રમણને નિયંત્રણમાં રાખવા માટે સિવિલ હોસ્પિટલમાં અલગ ફીવર ઓપીડી શરૂ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યાં શરદી, તાવ અને ખાંસીના લક્ષણો ધરાવતા દર્દીઓની તપાસ કરવામાં આવશે.

# ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પાસે કાર-એક્ટિવા વચ્ચે અકસ્માત:૨૫ વર્ષીય ફાયર જવાનનું ઘટનાસ્થળે મોત, કાર ચાલક સામે ગુનો દાખલ

ગાંધીનગર સિવિલ હોસ્પિટલની પાછળના ગેટ બહાર એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. બપોરના સમયે એક કાર ચાલકે પૂરપાટ ઝડપે અને બેદરકારીથી વાહન હંકારીને એક્ટિવાને જોરદાર ટક્કર મારી હતી.અકસ્માતમાં એક્ટિવા ચાલક કરણસિંહ દાનસિંહ ડોડ (ઉ.વ.૨૫)ને ગંભીર ઈજાઓ થતાં તેમનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. કરણસિંહ છેલ્લા દોઢ-બે વર્ષથી ગાંધીનગર ફાયર બ્રિગેડમાં કોન્ટ્રાક્ટ બેઝ પર ફાયરમેન તરીકે ફરજ બજાવતા હતા. તેઓ મૂળ બદરકાના વતની હતા અને અપરણિત હતા.કરણસિંહના બનેવી હરપાલસિંહ પણ ગાંધીનગર ફાયર બ્રિગેડમાં ફાયરમેન તરીકે કાર્યરત છે. બંને ફાયર બ્રિગેડના સ્ટાફ ક્વાર્ટર્સમાં સાથે રહેતા હતા. કરણસિંહ છેલ્લા બે-ત્રણ દિવસથી રજા પર હતા અને આજે કોઈ કામ અર્થે એક્ટિવા લઈને નીકળ્યા હતા. અકસ્માતની જાણ થતાં ગાંધીનગર ફાયર બ્રિગેડનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. સેક્ટર-૭ પોલીસે આ મામલે કાર ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# GNLUના મેટ્રો સ્ટેશન પરથી ૩.૮૧ લાખનો મુદ્દામાલ ચોરાયો,પોલીસ તપાસ શરૂ




ગાંધીનગરના કોબા ગામ સ્થિત GNLU મેટ્રો સ્ટેશન પરથી લિફ્ટના સામાનની ચોરીની ઘટના સામે આવી છે. ૩૧ મે વહેલી સવારે ૬:૩૦ વાગ્યે ઓમેગા લિફ્ટ કંપનીનો રૂ. ૩.૮૧ લાખનો સામાન ચોરાયેલો જોવા મળ્યો હતો.

સિક્યુરિટી ગાર્ડ રવીન્દ્રસિંહ બીહોલાની ફરિયાદ મુજબ, મેટ્રો સ્ટેશનની નીચે ટ્રેકના નીચેના ભાગે સામાન રાખવામાં આવ્યો હતો. સામાન ત્રણ અલગ-અલગ જગ્યાએ લાકડાની પેટીઓમાં સુરક્ષિત હતો. તસ્કરોએ આ પેટીઓ તોડીને અંદરનો સામાન ચોરી લીધો હતો. ચોરાયેલા સામાનમાં ૪૮૦ નોન-સ્ટાન્ડર્ડ ગેસ્કેટ, ૪૫૬ એંકર બોલ્ટ અને ૯૧૨ હેક્ઝ નટ હતા. ઉપરાંત ૯૧૨ હેવી ટાઈપ સ્પ્રિંગ વોશર, ૪૫૬ સિવિલ ગાસ્કેટ અને ૫૦૦ ટ્રીમીંગ ગાસ્કેટની ચોરી થઈ હતી.સિક્યુરિટી ગાર્ડે તુરંત સુપરવાઈઝર કૈલાશભાઈને જાણ કરી હતી. સુપરવાઈઝરે ઓમેગા કંપનીના અધિકારીઓને માહિતી આપી હતી. ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે અને પોલીસે તપાસ શરૂ કરી છે.

# વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રી ભાનુબેન બાબરીયાએ આંગણવાડીના ભૂલકાઓ સાથે પુનિતવન ખાતે વૃક્ષારોપણ



"હરિયાળી વાવો, સમૃધ્ધિ પામો, વૃક્ષ વાવો, પર્યાવરણ બચાવોના" સંકલ્પ સાથે ૫ જુને સમગ્ર વિશ્વમાં વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવવામાં આવે છે. મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રી ભાનુબેન બાબરીયાએ આજે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ગાંધીનગરમાં આવેલા પુનિતવનમાં આંગણવાડીના ભૂલકાઓ સાથે વૃક્ષારોપણ કર્યું હતું. ગાંધીનગરની બોરીજની ત્રણ આંગણવાડી કેન્દ્રોના ૯૨ બાળકો અને વાલીઓ સાથે મંત્રીશ્રીએ વૃક્ષારોપણ કર્યું હતું. આ ઉપરાંત શૌર્ય અને ઔષધીઓથી ભરપુર સિંદુરના વૃક્ષોનું પણ વાવેતર કરવામાં આવ્યું છે.આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દરેક નાગરીકે પ્રકૃતિનું સંવર્ધન અને જતન કરવું જોઈએ. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપણા રોજિંદા જીવનમાં પર્યાવરણ પ્રિય જીવનશૈલી અપનાવવા 'મિશન લાઈફ'ની પ્રેરણા આપી છે. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ ગત વર્ષે પાંચમી જૂન, વિશ્વ પર્યાવરણ દિવસે 'એક પેડ માં કે નામ' અભિયાન શરૂ કરાવીને દરેક નાગરીકને પોતાની માતા સાથે મળીને કે માતાને અંજલી રૂપે એક વૃક્ષ વાવવા માટેનું આહવાન કર્યું હતું. એ આહ્વાન આગળ ધપાવતાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ 'એક પેડ માં કે નામ ૨.૦'ને શરૂ કરાવી, "પ્લાસ્ટિક મુકત બનવવા, ગ્રીન કવરેજ વધારવા"ની પહેલ સાથે પર્યાવરણ દિવસની ઉજવણી કરી હતી. આ પહેલ તમામ બાળકોથી માંડી યુવાનો અને પ્રજાજનો અપનાવે તેવો મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે ફોરેસ્ટ ઓફિસરે બાળકોને વૃક્ષોના મહત્વ અને પર્યાવરણની જાળવણી અંગે સમજણ આપી હતી. મંત્રીશ્રીએ બાળકો સાથે રમતો રમી કેળાં, કેરી, લીંબુ શરબત અને પોષ્ટીક નાસ્તા સાથે વન ભોજન કર્યું હતું. ગાંધીનગર મહાનગરપાલિકાના આઇ.સી.ડી.એસ. વિભાગ અને ફોરેસ્ટ વિભાગ પુનિતવન ખાતેના અધિકારી, કર્મચારી આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં.

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001
તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું